# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૨૯ તા.૧૮-૦૩-૨૦૨૩

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- વર્ષ-૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે ઉજવણી કરવા બાબત.
સંદર્ભ :- નં.મભય/અશ/વશી૨૯૭ થી ૨૯૯/૨૦૨૩ જા.નં.૭૨૦ થી ૭૨૨ તા.૧૬-૦૩-૨૦૨૩

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે વર્ષ-૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય મિલેટ(બાજરી,જુવાર,રાગી(બાવટો),રાજગરો,કોદરી,બંટી) વર્ષ તરીકે જાહેર કરવામાં આવેલ છે. મિલેટ એ ન્યુટ્રીશનથી ભરપૂર સંપૂર્ણ આહાર છે. મિલેટ આધારિત વાનગીઓને વધુ પ્રચલિત કરવા માટે લોકજાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરવા જણાવવામાં આવે છે.શાળાઓમાં મિલેટ આધારિત નિબંધ(વિષય : બરછટ અનાજના ફાયદાઓ), કવિતાઓ(ઋતુ અનુસાર જાડા અનાજની લણણી વખતે ગવાતી કવિતા અથવા લોકગીતો), ક્વિઝ (બાજરી,જુવાર,રાગી(બાવટો),રાજગરો,કોદરી,બંટી જેવા અનાજથી થતા ફાયદાઓ ઉપર ક્વિઝ)જેવી સ્પર્ધાઓનું આયોજન કરી વધુને વધુ વિદ્યાર્થીઓ કાર્યક્રમમાં ભાગ લે આપની શાળા નજીકના હેલ્થ સેન્ટરના હેલ્થ ઓફિસર, ન્યુટ્રીશિયન, હોમ સાયન્સ કોલેજના પ્રિન્સીપલ જેવા નિષ્ણાંતોને આમંત્રિત કરી બાળકોને મિલેટના આરોગ્ય વિષયક ફાયદા અંગે જાણકારી આપતા પ્રવચન ગોઠવવા અને વર્ષ-૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે ખૂબ જ સફળ બનાવવા પ્રયાસો કરવા જણાવવામાં આવે છે અને તમોએ કરેલ પ્રવૃતિઓના ફોટા,વિડીયો કલીપ શાળાકક્ષાએ રાખવા. અત્રેની કચેરીથી મંગાવવામાં ત્યારે મોકલી આપવાના રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૧૮-૦૩-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

# નાયબ કલેકટર પી.એમ.પોષણ યોજના શાખા

## બાલ ભવન,રામબાગ,મણીનગર,અમદાવાદ-૩૮૦૦૦૮

ફોન.ન.૦૭૯-૨૫૪૬૧૩૯૩ E-mail:-maninagarmdm@gmail.com


નં.મભય/અશ/વહટ/વશી/ /૨૦૨૩ જા.નં-

તા.૧૬/૦૩/૨૦૨૩

પ્રતિ

(૧) શાસનાધિકારીશ્રી,
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ
સ્કાઉટ ભવન, પાલડી.

(૨) પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી શહેર,
બહુમાળી ભવન, હિમાલય મોલની સામે,
વસ્ત્રાપુર, અમદાવાદ

વિષય: વર્ષ-૨૦૨૩ને આંતરરાષ્ટ્રીય મિલેટ વર્ષ તરીકે ઉજવણી સંદર્ભે શાળાઓમાં પ્રવૃતિઓ કરવા બાબત.

સંદર્ભ: સં.કમિ.શ્રી, પી.એમ. પોષણ (મ.ભો.યો.) ગાંધીનગરના તા.૧૫/૦૩/૨૦૨૩ પત્રક્રમાંક નં: મભય/અજન/MILLETS/૨૦૨૨-૨૩/૩૬૭૪-૩૭૪૯.

ઉપરોકત વિષય પરત્વે સંદર્ભદર્શિત પત્રથી જણાવવાનું કે, વર્ષ-૨૦૨૩ને "INTERNATIONAL YEAR OF MILLETS" તરીકે જાહેર કરવાના ભારત સરકારના પ્રસ્તાવને યુનાઇટેડ નેશનની મહાસભા દ્વારા સ્વીકારવામાં આવેલ છે. MILLETS એ ન્યુટ્રીશન થી ભરપૂર સંપૂર્ણ આહાર છે. તેમજ MILLETSના આરોગ્ય વિષયક ફાયદાઓ અંગે જાણકારી આપતા અને MILLETS આધારિત વાનગીઓને વધુ પ્રચલિત કરવા માટે લોકજાગૃતિના કાર્યક્રમોનું આયોજન કરવા જેવી પ્રવૃતિઓ હાથ ધરવા ભારત સરકારશ્રી તરફથી જણાવવામાં આવેલ જેવી કે, શાળાઓમાં MILLETS આધારિત નિબંધ, કવિતાઓ, ક્વિઝ વગેરે જેવી સ્પર્ધાઓમાં ખૂબ જ વધુ માત્રામાં વિદ્યાર્થીઓ ભાગ લે તે પ્રકારે આયોજન કરવા આપને જણાવવામાં આવે છે. તેમજ બાળકોના ન્યુટ્રીશનલ ધોરણોમાં વધારો કરવા તેમજ "INTERNATIONAL YEAR OF MILLETS" ૨૦૨૩ ને ખૂબ જ સફળ બનાવવા હેતુ ભારત સરકારના સંદર્ભદર્શિત પત્રમાં સુચવ્યા મુજબની પ્રવૃતિ હાથ ધરવા ઘટતી કાર્યવાહી કરવા આપને જણાવવામાં આવે છે.

બિડાણ:- સંદર્ભ દર્શિતપત્રો

નાયબ કલેકટર
પી.એમ.પોષણ યોજના(MDM)
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના: ના.મ્યુનિ.કમિ.શ્રી , મ.ભો.યો., અ.મ્યુ.કો., દાણાપીઠ, અમદાવાદ તરફ જાણ સારુ.